૧૦/૦૨/૨૦૨૧

પ્રતિશ્રી,
ઝોનલ ઓફીસર,
સાઉથ વેસ્ટ ઝોન (અઠવા),
સુરત મહાનગરપાલિકા,
સુરત

**વિષય : ટી.પી.સ્કીમ નં. ૩૧, ૩૨, ૭૬, ૭૭, ૭૮, ૮૧, ૮૨ માં આંતરિક રસ્તાઓ ખુલ્લા કરી જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર જેવા કે પાણી, ગટર સુવિધાઓ આપવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે શહેરના હાર્દ અને પોશ એરીયા ગણાતા અઠવા ઝોનમાં આવતી ઉપરોકત વિષય વાળી ટી.પી. સ્કીમો માટે ભાગે ડ્રાફટ મંજુર હોય ઘણાં રસ્તાઓ ખુલ્લા કરી શકાય તેમ છે. સ્થળ તપાસ કરતાં ઘણાં રસ્તાઓ ખુલ્લા કરી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. પરંતુ તેમ છતાં ઉપરોકત ટી.પી.સ્કીમો પૈકીના ૨૪ મી. કે ૧૮ મી. થી નાના રસ્તાઓ હજુ પણ ખુલ્લા કરવામાં આવેલ નથી. હાલની પરિસ્થિતિમાં ડ્રીમસીટી પ્રોજેકટ અને સુરત એરપોર્ટના ડેવલોપમેન્ટથી પ્રોજેકટોની ડીમાન્ડ વધી રહી છે તો આવા સંજોગોમાં અમો ક્રેડાઇના સભ્યોના સાથ-સહકારથી આ ટી.પી.સ્કીમોના રસ્તાઓ ખુલ્લા કરી જરૂરી સુવિધાઓની સગવડ કરવાની તક જણાય રહી છે.

આપશ્રીને નમ્ર વિનંતિ કે અમારી વિનંતિ ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. અમો ક્રેડાઇ તથા તેના દરેક સભ્યો આ બાબતે આપને યોગ્ય અને જરૂરી સહકાર આપવાની બાંહેધરી આપીએ છીએ. આપના સહકારની અપેક્ષા સહ...

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** |